## પ્રભા કીર્તિ કાંતિ, ધન વૈભવ સર્વસ્વ જનના, નમું છું, વંદું છું, વિમળમુખ સ્વામી જગતના

## રાજ્યમાં વધુ ૫૧૦ નવા કેસ : અમદાવાદમાં ૩૪૩ : ગાંધીનગરમાં ૦૫


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૨ ૧૧ જુન, ૨૦૨૦, ગુરૂવાર; જેઠ વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં પ્રથમવાર બિમાર કરતાં રિકવરની સંખ્યા વધી

**બુધવાર સુધીમાં એક્ટિવ દર્દી ૧.૩૨ લાખ હતા તો સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧.૪૦ લાખ : ભારતમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૨.૭૬ લાખે પહોંચી : છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯,૯૮૫ પોઝિટિવ કેસ : ૨૭૯ દર્દીઓનાં મોત : રિકવરી રેટ ૪૮.૮૮ ટકા સુધી પહોંચ્યો : રાજસ્થાનમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૨૩ નવા કેસ, ૭ દિવસ માટે બોર્ડર સીલ કરાઈ**



નવી દિલ્હી, તા. ૧૦

ભારતમાં કોરોનાના વાયરસના દર્દીઓની સંખ્યા ઝડપભેર વધારો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બુધવારે સવારે જારી કરાયેલા આંકડા મુજબ, દેશમાં કોરોના વાયરસના દર્દીઓની કુલ સંખ્યા ૨,૮૬,૨૫૭ થઈ ચૂકી છે. જ્યારે મહામારીથી અત્યાર સુધીમાં ૭,૭૪૫ લોકોના મોત થયા છે. વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના ૯૯૮૫ નવા કેસ સામે આવ્યા છે તેમજ ૨૭૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. તેની સાથે એક રાહતજનક વાત કરતા મંત્રાલયે જણાવ્યું કે ૧,૪૦,૪૮૪ દર્દીઓ કોરોનાને મ્હાત કરવામાં સફળ થયા છે. એથી રિકવરી રેટ ૪૮.૮૮ ટકા સુધી પહોંચી ગયો છે. દેશભરમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના ૫,૯૯૧ દર્દીઓ સાજા થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના વાયરસની દેશમાં રોજગારી પર ગંભીર અસર

**નોકરીમાંથી મોટા પાયે છટણી, આઈટીને સૌથી વધુ અસર થશે : છેલ્લા ત્રણ સપ્તાહમાં સિનિયર અને જુનિયર આઈટી પ્રોફેશનલ્સે ભરતી એજન્સીઓનો મોટા પાયે સંપર્ક કર્યો**

નવી દિલ્હી, તા. ૧૦

કોરોના રોગચાળાએ રોજગાર પર ભારે અસર કરી છે. ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં લાખો લોકોએ નોકરી ગુમાવી. રીટ્રેંચમેન્ટ કંપનીઓની સૂચિમાં આઈબીએમ, કોગ્નિઝન્ટ જેવી આઈટી કંપનીઓનો સમાવેશ થાય છે. નોકરી છોડ્યા બાદ આ લોકો હવે રોજગારની શોધમાં ભટકી રહ્યા છે. છેલ્લા ત્રણ અઠવાડિયામાં હજારો આઈટી પ્રોફેશનલ્સએ ભરતી એજન્સીઓનો સંપર્ક કર્યો છે. આ આઈટી પ્રોફેશનલ્સ જુનિયર લેવલથી લઈને સિનિયર લેવલ સુધીના છે. એબીસી કન્સલ્ટન્ટના સિનિયર ડિરેક્ટર રતન ગુપ્તાએ જણાવ્યું હતું કે પાછલા બે અઠવાડિયામાં રિઝ્યુમના પ્રવાહમાં ૧૦૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

આઈટી કંપનીઓ બદલાતા વાતાવરણ અને વાતાવરણમાં પોતાને વધુને વધુ અનુકૂળ બનાવી રહી છે. જેમની પાસે કુશળતાનો અભાવ છે, તેમની નોકરીઓ જોખમમાં છે. સ્પેશિયાલિસ્ટ સ્ટાફિંગ કંપની એક્સફેનો કહે છે કે વરિષ્ઠ ટેક પ્રોફેશનલ્સમાં ફરી શરૂ થનારા પ્રવાહમાં ૪૦% ઉછાળો જોવા મળે એમ છે. વિશ્વની તમામ આઈટી કંપનીઓ છેલ્લા કેટલાક વર્ષોમાં ઓટોમેશન તરફ ઝડપથી આગળ વધી રહી છે, પરંતુ કોરોનાને કારણે આ પ્રક્રિયા વધુ તીવ્ર બની છે. આઈટી કંપનીઓ દ્વારા છૂટછાટની પ્રક્રિયા ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી તેમને લાગતું ન હોય કે ખર્ચ-વ્યવસ્થાપનનાં પગલાં સચોટ થઈ ગયા છે. એક તરફ આઈટી ક્ષેત્રે છટણી થઈ રહી છે, બીજી તરફ નવી તકનીકી પ્રતિભાની માગ ઝડપથી વધી રહી છે. લોકડાઉનમાં તેમની માગમાં ૨૦ ટકાનો વધારો થયો છે. નાસ્કોમના વરિષ્ઠ ઉપપ્રમુખ સંગીતા ગુપ્તા કહે છે કે ડિજિટલ રીતે કુશળ લોકોની હંમેશા માગ રહેશે.

# દુનિયાના નવ દેશો કોરોના મુક્ત બન્યા

**તમામ દેશમાં ઓછી સંખ્યામાં દર્દી હતા પણ તમામ સ્વસ્થ થયા : બહુ ઓછા લોકોનાં મોત થયા : પ્રતિબંધો હટાવીને જીવન સામાન્ય કરાયું**

જીનિવા, તા.૧૦

વર્ષ ૨૦૨૦ ને છ મહિના થવા જઈ રહ્યા છે અને અત્યાર સુધી વિશ્વ કોરોના વાયરસ રોગચાળા સામે લડી રહ્યું છે. ચાર લાખથી વધુ લોકો મરી ગયા છે અને લાખો લોકો સંક્રમિત થયા છે. દરમિયાન, વિશ્વના નવ દેશ એવા છે જેમણે પોતાને કોરોના વાયરસથી મુક્ત જાહેર કર્યા છે. જો કે, તાજેતરમાં, વિશ્વ સ્વાસ્થ્ય ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) દ્વારા કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી વિશ્વમાં ક્યાંય એક પણ કોરોના દર્દી છે, ત્યાં સુધી કોઈ પોતાને કોરોના મુક્ત નહીં કહી શકે. કોરોના મુક્ત નવ દેશ કયા છે કે જ્યાં હવે કોરોનાના કોઈ કેસ નથી, આ સમાચાર પ્રવર્તમાન માહોલમાં ખૂબજ સારા કહી શકાય. આઠમી જૂને, ન્યુઝીલેન્ડના વડા પ્રધાન જેસિન્ડા આર્ડ્રને જાહેરાત કરી હતી કે તેમના દેશમાં હવે કોરોના વાયરસનો એક પણ દર્દી નથી. સરકારનું કહેવું છે કે કોરોનાનો છેલ્લો દર્દી સાજો થઈ ગયો છે. તે જ સમયે, આરોગ્ય અધિકારીઓએ કહ્યું કે દેશમાં હવે કોરોનાનો કોઈ કેસ નથી. ન્યુઝીલેન્ડમાં કોરોનાના માત્ર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૩૭૫૧૬૧ | ૪૧૫૩૦૨ | ૩૬૧૯૨૦૨ |
| ભારત | ૨૮૬૨૫૭ | ૮૦૭૮ | ૧૪૦૪૮૪ |
| ગુજરાત | ૨૧૫૫૪ | ૧૩૪૭ | ૧૪૭૪૩ |
| ગાંધીનગર | ૪૪૧ | ૨૦ | ૨૦૮ |

# હવે, ભારત ૧૯૬૨નું નહિ ૨૦૨૦નું છે

**હિમાચલ જનસંવાદ વર્ચ્યુઅલ રેલીને સંબોધન દરમિયાન રવિશંકર પ્રસાદનું ઉગ્ર નિવેદન : આજના ભારતનું નેતૃત્વ નરેન્દ્ર મોદી જેવા શક્તિશાળી નેતા હાથમાં : ભારત તરફ આંખ ઊંચી કરનારે ઉરી-બાલાકોટમાં પરિણામ ભોગવ્યા છે : પ્રસાદ**



નવી દિલ્હી, તા. ૧૦

પૂર્વી લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે જોરદાર ખેંચતાણ વચ્ચે, કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદે આજે કહ્યું કે ચીને યાદ રાખવું જોઈએ કે તે ૨૦૨૦ છે, નહીં કે ૧૯૬૨. તેમણે કહ્યું કે આજના ભારતનું નેતૃત્વ વડા પ્રધાન નરેન્દ્ર મોદી જેવા શક્તિશાળી નેતાના હાથમાં છે. ભારત તરફ આંખ ઊંચી કરનારાઓએ ઉરી અને બાલાકોટમાં એના પરિણામ જોઈ લીધા છે. હિમાચલ માસ સંવાદ વર્ચ્યુઅલ રેલીને સંબોધન કરતાં રવિશંકર પ્રસાદે કહ્યું કે ભારત વિવાદોને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માગે છે. પરંતુ ભારત તરફ કોઈ ઊંચી નજર કરીને જોઈ શકે નહીં. તેમણે કહ્યું, 'આજનું ભારત ૨૦૨૦નું ભારત છે, ૧૯૬૨નું નહીં. આજે ભારતનું નેતૃત્વ કોંગ્રેસનાં નેતાઓનાં હાથમાં નહીં પણ નરેન્દ્ર મોદી જેવા હિંમતવાન નેતાના હાથમાં છે. ઉલ્લેખનીય છે કે ભારતને ૧૯૬૨માં ચીનના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. ચીનના અખબાર ગ્લોબલ ટાઈમ્સે બંને સૈન્ય વચ્ચે વધતા જતા સંઘર્ષ વચ્ચે પૂર્વી લદ્દાખમાં ૧૯૬૨ના યુદ્ધની ભારતને યાદ અપાવી હતી. એલએસી પર તણાવ ઘટાડવા માટે બંને દેશોએ અનેક વખત સૈન્ય વાટાઘાટો કરી છે. ૬ જૂને લેફ્ટનન્ટ જનરલના સ્તરે વાતચીત કર્યા પછી, ચીનનું વલણ નરમ પડ્યું છે પરંતુ તેમ છતાં તે જૂની સ્થિતિમાં પાછું ફરવા માટે તૈયાર નથી. આ અગાઉ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકારને ચીન સરહદ

● અનુસંધાન પાન-૭ પર

## મોડીસાંજે ગાંધીનગરમાં ધોધમાર વરસાદ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં બુધવારે રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. પવન સાથે આરંભાયેલો વરસાદ આ લખાય છે ત્યાં સુધી પણ તીવ્રતાથી વરસી રહ્યો હતો.

અંદાજે દોઢથી બે ઈંચ વરસાદ પડ્યાનું મનાય છે. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. મંગળવારના વિરામ બાદ પડેલા વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી હતી.

## પેટ્રોલ-ડીઝલમાં ચાર દિવસમાં ૨.૧૪ રૂપિયા ભાવ વધારો

નવી દિલ્હી, તા. ૧૦

સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરાયો છે. બુધવારે ૪૦ પૈસા વધારાયા હતા. અગાઉ રવિ અને સોમવારે ૬૦-૬૦ પૈસા તેમજ મંગળવારે ૫૪ પૈસાનો વધારો કરાયો હતો. એટલે કે ચાર દિવસમાં બે રૂપિયા અને ૧૪ પૈસાનો તોતીંગ વધારો કરી દેવાયો છે. લોકડાઉન ખુલવાની સાથે જ વિતેલા ત્રણ દિવસથી દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમત સતત વધી રહી છે અને લગભગ ૮૩ દિવસ પછી ૭ જૂને કિંમતમાં ફેરફાર જોવા મળ્યો છે. છેલ્લા ૪ દિવસમાં પેટ્રોલ પ્રતિ લીટર ૨.૧૪ રુપિયા મોંઘુ થયુ છે, ડીઝલમાં પણ આટલો જ વધારો કરવામાં આવ્યો છે. ખાસ બાબત એ છે કે, વિતેલા ત્રણ મહિનામાં પેટ્રોલ-ડીઝલ પર લાગતા ટેક્સ ત્રણ ગણા (૨૭૫%) થઈ ગયા છે. ફેબ્રુઆરી મહિનામાં પેટ્રોલ-ડીઝલ રાજ્ય અને કેન્દ્રને ચૂકવવા પડતા ટેક્સ લગભગ ૧૦૭ ટકા હતા, જે હવે વધીને ૨૭૫ ટકાની નજીક આવી પહોંચ્યા છે.

## આસામમાં તેલના કૂવામાં આગ

**હજારો લોકોનું સ્થળાંતર કરાયું : બે કિમી દૂરથી જોઈ શકાય છે આગના ધૂમાડા**

ગુવાહાટી, તા. ૧૦

આસામના તિનસૂકિયા જિલ્લામાં આવેલ બાગજાન તેલ કૂવામાં મંગળવારે ભીષણ આગ લાગી ગઈ છે. કૂવામાં છેલ્લા ૧૪ દિવસથી ગેસ ગળતર થઈ રહ્યું હતુ. ઓઈલ ઈન્ડિયા લિમિટેડના તેલના કૂવામાં લાગેલી આગ એટલી ભીષણ છે કે, ૩૦ કિલોમીટર દૂરથી પણ ધૂમાડાના ગોટેગોટા જોઈ શકાય છે. આ આગને પગલે હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.



આ અંગે દ્રપ્ઝનું કહેવું છે કે, આ આગ પર કાબૂ મેળવતા ૪ અઠવાડિયા સુધીનો સમય લાગી શકે છે. મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલે ઘટના સંદર્ભે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે ફોન પર વાત કરીને આગ પર કાબૂ મેળવવા માટે તત્કાલ મદદ માંગી છે.

## ડીએમકેના ધારાસભ્ય જે.અનબાલાગનનું જન્મદિવસે જ કોરોનાથી નિધન થયું

ચેન્નાઈ,તા.૧૦

દેશમાં કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. આ વાયરસના કારણે તમિલનાડુમાં ધારાસભ્યના મોતનો પહેલો મામલો સામે આવ્યો છે. દ્રવિડ મુનેત્ર કડગમના ધારાસભ્ય જે. અનબાલાગનનું જન્મદિવસે જ કોરોના સંક્રમણના કારણે અવસાન થયું છે. અનબાલાગન એક સપ્તાહ પહેલા કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું. ચેન્નાઈની ખાનગી હૉસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી.

## છેલ્લે... છેલ્લે...

- કાશ્મીરમાં સીઆરપીએફના ૨૮ જવાનોને કોરોના
- જ્હોન્સન એન્ડ જ્હોન્સન દ્વારા જુલાઈના બીજા સપ્તાહમાં કોવીડની વેક્સિનનું માનવ પર પરીક્ષણ કરાશે.
- અમદાવાદા મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં બુધવારે એક જ દિવસમાં માસ્ક ન પહેરવા બદલ ૧.૮૪ લાખનો દંડ વસુલાયો.
- દેશમાં ૨૫મીથી આજસુધી ૮ લાખ મુસાફરોએ વિમાની સેવાનો લાભ લીધો.

## પંજાબમાં નિયમનો ભંગ કરનાર સામે હવે કઠોર પગલા

**ઘરે સિમકાર્ડથી સજ્જ ટ્રેકરને રાજ્યની કોવા એપની સાથે જોડવામાં આવી શકે : કોરોનાને નાથવા પંજાબ સરકાર કડક**

ચંદીગઢ, તા. ૧૦

પંજાબ સરકાર કોવિડ -૧૯ (કોરોનાવાયરસ) સંબંધિત ગૃહ-નિવાસ માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરનારાઓ પર નજર રાખવા માટે ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમ (જીપીએસ) ટ્રેકર ખરીદવાનું વિચારી રહી છે. બુધવારે એક અધિકારીએ જણાવ્યું હતું કે, મકાનમાં અલગ આવાસની દિશા નિર્દેશોનું ઉલ્લંઘન કરનારાઓને પકડવા સિમકાર્ડથી સજ્જ ટ્રેકરને રાજ્ય સરકારની કોવા એપથી કનેક્ટ કરી શકાય છે. રાજ્ય સરકાર દ્વારા લોકોને સાવચેતી અને સરકારની અન્ય સલાહ સલાહ લેવાથી સંબંધિત માહિતી આપવા માટે કોવા પંજાબ (કોરોના વાયરસ એલર્ટ) એપ બનાવવામાં આવી છે. પંજાબના વિશેષ સચિવ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (ઈ-ગવર્નન્સ) રવિ ભગતએ બુધવારે કહ્યું હતું કે 'તે કાંડા આધારિત જી.પી.એસ. આધારિત ટ્રેકર છે. જો ઘરમાં અલગથી રહેતો કોઈ વ્યક્તિ બહાર જાય અને માર્ગદર્શિકાનું

● અનુસંધાન પાન-૭ પર

## શોપિયામાં ૪ આતંકી ઠાર

શોપિયા,તા.૧૦

જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે સવારે લગભગ સાડા ૫ વાગે અથડામણ શરૂ થઈ ગઈ હતી. સુરક્ષાદળોએ ૪ આતંકીઓને ઠાર કર્યા છે. આ અથડામણ શોપિયાના સુગ્ગુ હેંધામા વિસ્તારમાં ચાલુ હતી. સુરક્ષાદળોની જોઈન્ટ ટીમે આ ઓપરેશનને અંજામ આપ્યો. જેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ, ૪૪ રાષ્ટ્રીય રાયફલ્સ અને સીઆરપીએફ સામેલ હતા. છેલ્લા ૧૫ દિવસમાં કુલ ૨૨ આતંકવાદીઓને સેનાએ મોતને ઘાટ ઉતાર્યા છે. જેમાં લગભગ ૮ ટોચના આતંકી સંગઠનના કમાન્ડર પણ સામેલ છે.

અત્રે જણાવવાનું કે શોપિયામાં થયેલી આ અથડામણમાં ચારેય આતંકીઓના મૃતદેહો મળી આવ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર


